**નિવૃત્ત સરકારી શ્રમ અધિકારીશ્રી એ.એ.દાયમાને સાહેદ તરીકે તપાસવા ગુજારેલ અરજના સંદર્ભમાં નોટીસ બજ્યા બાદ સાહેદ હાજર રહેતા ન હોય સાહેદ વિરૂધ્ધ જામીનલાયક વોરંટ કાઢવાનો આંક : ૧ હેઠળ હુકમ**

(૧) સદર કેસ સને ૨૦૧૬ના વર્ષનો જુનો કેસ છે. સદર કેસમાં અત્રેની અદાલતમાં સાક્ષી તરીકે શ્રી શ્રી એ.એ.દાયમા, નિવૃત્ત સરકારી શ્રમ અધિકારીશ્રીને અગત્યના સાહેદ હોય તેઓનો પુરાવો નોંધવો અત્યંત જરૂરી હોવાથી તેઓશ્રીને સાહેદ તરીકે તપાસવાની અરજદારની અરજીના અનુસંધાને આંક : ૩૩થી સાહેદ સમન્સ કાઢતાં અત્રેની અદાલતના બેલીફશ્રી મારફત ધોરણસર બજવણી થયેલ હોવા છતાં છેલ્લા આઠ મહિના અને સત્તર દિવસથી આ કામે પોતાની જુબાની આપવા માટે હાજર રહેવા પુરતી, વ્યાજબી અને ન્યાયી તકો આપેલ હોવા છતાં પણ હાજર રહેતા ન હોય જે કારણોસર ૨૦૧૬ના વર્ષના જુના કેસની કાર્યવાહી તેઓની ગેરહાજરી સબબ વિલંબિત થતી હોય આજરોજ પણ કલાક–૫.૧૪ સુધી સદર સાહેદ હાજર નથી કે ગેરહાજરી સબબ કોઈ અરજી કે રજુઆત નથી જેથી ઉપરોક્ત કારણોસર નાછુટકે અત્રેની અદાલતે સદર સાહેદની જુબાની કેસ રેકર્ડ પર રજુ થવી જરૂરી હોય અને સાહેદી આપવા માટે સાહેદ હાજર રહેતા ન હોય જેથી સાહેદ પર રૂા. ૧૦,૦૦૦/–નું જામીનલાયક વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

**Date : 07/05/2022**
**Place : ANAND**

**MS. NIMISHA GANGARAMBHAI SURATI**
**GJ00711**
**PRESIDING OFFICER**
**(Judge)**
**LABOUR COURT,ANAND.**

K.K.PRANKADA : PA